


- Largest frontage on S. G. Highway, 400 ft. above
- 14 ft. height for ground floor shops
- Separate entrances for offices & shops
- Contemporary lounge area in reception
- Green building features
- The modern building facade designed for protection against heat and reducing AC

Exclusively Marketed by
**The Property Shop**
**Atul Shah** : 76000 99959
**Chetan Chhaya** : 98245 03011
www.thepropertyshop.in

भारतीय बीमा विनियामक और विकास प्राधिकरण
**INSURANCE REGULATORY AND DEVELOPMENT AUTHORITY OF INDIA**

**ઈન્શ્યૉરન્સને પ્રોત્સાહન. વીમિતને સુરક્ષા.**

**પરિશ્રમ ભવન બશીરબાગ હૈદરાબાદ–500004**

www.irda.gov.in www.policyholder.gov.in

## યોગ્ય ખરીદી દ્વારા વીમાનું અસલ મૂલ્ય કેટલીક ટિપ્સ

**1. આપ માત્ર નિમ્નલિખિત પાસેથી જ વીમો ખરીદો છો એની ખાતરી કરી લોઃ**
- નોંધણી થયેલી વીમા કંપનીઓ
- પરવાનાધારક વીમા એજન્ટ
- પરવાનાધારક વીમા દલાલો અને કૉમન સર્વિસ સેન્ટરો (CSC)
- પરવાનો ધારક વેબ ઍગ્રીગેટર્સ

**2. કોઈ પણ ચુકવણી કરતા પહેલાં વ્યક્તિ અને સંસ્થાની ખરાઈ કરી લો.**
- વીમામાટે સંપર્ક કરનાર વ્યક્તિ/સંસ્થાની ઓળખ માટે પુરાવો માંગવો
- સંબંધિત વ્યક્તિ અને સંસ્થાના, ખાસ કરીને ટેલિફોન દ્વારા વેચાણના કિસ્સામાં સરનામાની વિગતો અને ટેલિફોન નંબર પૂછો
- વીમા કંપનીઓ, દલાલો અને વેબ–ઍગ્રિગેટર્સની વિગતો ચકાસવા માટે ઈરડાની વેબસાઈટ તપાસો.

**3. નિમ્નલિખિતના આધાર પર આપને અનુકૂળ હોય એવું વીમા કવચ પસંદ કરોઃ**
- ઉંમર, નાણાકીય પરિસ્થિતી તથા આર્થિક જરૂરિયાતો
- વીમો ખરીદવા અંગેનો મુળ હેતુ જેમ કે
  - જીવન અથવા સંપત્તિના જોખમ સામે સુરક્ષા મેળવવા
  - લાંબા ગાળાની બચત માટે
  - ભવિષ્યમાં હૉસ્પિટલાઈઝેશનની જરૂરિયાતોને પૂરી કરવા માટે
  - આવશ્યક જરૂરીયાતોને પૂરી કરવા માટે
  - વૃદ્ધાવસ્થા/પૅન્શન/વર્ષાસન હેતુ બચત કરવા માટે
- સુનિશ્ચિત વીમા રકમ ઉપરાંતમેળવવાપાત્ર અન્ય લાભ
- જો ઉપલબ્ધ હોય તો, કર રાહતના લાભ લેવા માટે

**4. કોઈ પણ વીમા કવચ ખરીદતી વખતે નિમ્નલિખિતની ખાતરી કરી લો**
- માહિતીપત્ર અને દરખાસ્ત ફૉર્મને કાળજીપૂર્વક વાંચી જાઓ
- માહિતીપત્ર ફૉર્મ પર હસ્તાક્ષર કરતા પહેલાં વિગતોને પૂરેપૂરી ભરો
- આપની સુગમતા માટે દરખાસ્ત ફૉર્મની નકલ સાચવી રાખો
- વીમા કંપનીની ફરજના ભાગ પેટે દરખાસ્ત સ્વીકારવાની તારીખથી 30 દિવસની અંદર દરખાસ્ત ફૉર્મની નકલ નિઃશુલ્ક આપવી જરૂરી છે. તેથી કૃપયા વીમા પૉલિસીની સાથે એ મેળવી લો.
- જો પ્રીમિયમની ચુકવણી ચેક દ્વારા કરવામાં આવી હોય તો, કૃપયા ખાતરી કરી લો કે ચેક નોંધાયેલ વીમા કંપનીના નામે છે; અને ચુકવણીની રસીદ મેળવી લો
- કોઈ પણ વ્યક્તિગત નામે ચુકવણી કરશો નહીં; અથવા જો ચુકવણી રોકડેથી કરવામાં આવી હોય તો ખાતરી કરી લો કે પૂરતી ઓળખની ખાતરી કર્યા વગર ચુકવણી કરવામાં નથી આવી
- પૉલિસી દસ્તાવેજની ત્વરિત પ્રાપ્તિ માટે વીમા કંપની, એજન્ટ અથવા દલાલનો સંપર્ક કરવો.




**5. જીવન વીમા પૉલિસી મુખ્યત્વે જીવન માટેની જોખમ સુરક્ષા પૂરી પાડે છે. પરંતુ એ લાંબા ગાળાના રોકાણ તરીકે પણ કામ આવી શકે છે અને સાથે એમાં લાંબા ગાળાની વચનબદ્ધતા સંકળાયેલી છે. જીવન વીમા પૉલિસી મેળવ્યા પછી નિમ્ન બાબતોની કાળજી રાખોઃ**
- વીમા દસ્તાવેજ કાળજીપૂર્વક વાંચી જાઓ
- પ્રીમિયમ ચૂકવવાની રીત, તથા અવધિ, પાકની મુદતે મળવાપાત્ર લાભો, લૉક–ઈન પીરિયડ, સરેન્ડર વૅલ્યૂ વગેરે ચેક કરી લો.
- ખાતરી કરી લો કે વીમો ખરીદતી વખતે આપવામાં આવેલા વચન અને શરતોતેમ જપૉલિસી દસ્તાવેજ મુજબનાં નિયમો અને શરતો એ જ છે કે નહીં.
- જો આપ વીમા પૉલિસીમાં દર્શાવેલા નિયમો અને શરતો સાથે સંમત ના હો તો, આપના વિરોધનું કારણ જણાવીને વીમા કંપનીને પૉલિસી મળ્યાની તારીખથી 15 દિવસની અંદર પૉલિસી પરત કરી શકો છે. આપ પ્રમાણસર રિસ્ક પ્રીમિયમ, તબીબી પરીક્ષણ માટે વીમા કંપની દ્વારા કરવામાં આવેલા ખર્ચા, સ્ટૅમ્પ ચાર્જીસને કાપી લીધા પછી બાકીનું પ્રીમિયમ પાછું મેળવવાને હકદાર છો.
- પ્રીમિયમ નિયમિતપણે અને અચૂકપણે ચૂકવો; અને પૉલિસીને લૅપ્સ ના થઈ જવા દો.
- વીમા પૉલિસીનો અધિકતમ લાભ મેળવવા માટે કોઈ પણ બ્રેક કર્યા વિના પૉલિસી ચાલુ રાખો કારણ કે વીમા કવર માત્ર પ્રીમિયમની સમયસરની ચુકવણી પર જ ઉપલબ્ધ થશે.
- પરિવારના સભ્યોને અને ખાસ કરીને નિયુક્ત અનુગામીને વીમા પૉલિસીની ખરીદી કર્યાની જાણકારી આપો.

**6. ઊંચાં રિટર્ન્સનું વચન આપતાં અથવા વીમા પૉલિસીઓના વેચાણ કે મોચનમાં સંકળાયેલા અયોગ્ય લાભો** અથવા અન્ય આર્થિક ઉત્પાદનો વેચતા નકલી કૉલરો દ્વારા કરવામાં આવતી છેતરપિંડીભરી ઑફરોની લાલચમાં કદાપિ ના પડશો.

**7. રોકાણ પર બોનસ અથવા નફો ઑફર કરતા, ઈરડાના નામે કૉલ કરતી વ્યક્તિનો વિશ્વાસ ના કરતા.**
ઈરડા કોઈ પણ વીમો અથવા નાણાકીય ઉત્પાદનોના વેચાણમાં અથવા કોઈ પણ પ્રકારના વીમા કંપનીઓના પ્રીમિયમના રોકાણમાં સંકળાયેલી નથી.

**8. જો કોઈ લાયસંસ વગરનો વચેટિયો અથવા રજિસ્ટર ના થયેલો વીમાકર્તા વીમો લેવાનો આગ્રહ કરે તોપોલિસમાં એફઆઈઆર નોંધાવો અને ઈરડાને આની જાણ કરો.**
આવા લાયસંસ વગરના વચેટિયાઓ અથવા નોંધાયેલા ના હોય એવા વીમાકર્તાને કરવામાં આવેલી કોઈ ચુકવણી આપના જોખમે રહેશે.

**અસ્વીકૃતિઃ** આનો ઈરાદો આપને માત્ર સર્વસાધારણ જાણકારી પૂરી પાડવાનો છે અને આ સંપૂર્ણ નથી. આ શિક્ષણની પહેલ છે અને આપને કોઈ કાયદાની સલાહ આપવાનો ઈરાદો નથી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com